

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

મોંઘવારીના 'વાઘ' થી બચો તો ઉજવો બારસ !
પૂજા જેટલું બચ્યું હોય 'ધન' તો કરો ફારસ !
કારસ્તાનના ફૂટે ફટાકડા તો કરોડોમાં -
કરોડપતિઓને કરે ભ્રષ્ટ બેન્કનો પારસ !

હાઈકુ

આયુર્વેદના
પૂજો ધન્વંતરીને -
રહો નિરોગી...
(ધનતેરસ)

ચૂંથી નાખશે -
અર્થતંત્રનો વાઘ
વિશ્વ-બજાર...
(વાઘ બારસ)

### ચિંતન

*લઘોરપ્યપમાનસ્તુ, મહાવૈરાય જાયતે ।*
*દાનમાન સત્ય શૌર્ય માર્દવં સસુહત્કરમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

નાની, નીચા, સ્તરની લઘુ-ક્ષુદ્ર જણાતી વ્યક્તિનું પણ કદાપિ અપમાન ન કરવું. એવું અપમાન કરવાથી વેર ઉત્પન્ન થવાનો પૂરેપૂરો સંભવ છે. સંબંધો ટકાવી રાખવા, એકમેકમાં કંઈક ને કંઈક આપ્યું સન્માન કરવું. માનપાન આપવાં વ્યવહાર ચોખ્ખો રાખવો (એટલે કે એમના બહુ ઉપકાર પણ માથે ન લેવા કે બહુ કોઈના માટે ઘસાઈ પણ જવું નહીં)

વ્યવહારમાં શ્રી ધૂમકેતુ જોષીએ કહ્યું છે તેમ, વસ્તુ મપાય ત્યાંથી વૈભવ જાય, કામ મપાય ત્યાંથી કળા જાય, માણસ મપાય ત્યાંથી સ્વર્ગ જાય, આવું જ મૈત્રીના સંદર્ભમાં પણ સમજી શકાય. મૈત્રીમાં માપ, લેખાજોખાં, બદલો-પ્રમાણની સરખામણી ન હોય.

હું ત્યારે ત્યાં આવ્યો હતો, હવે તમારો વારો. મેં બે ફોન કર્યા તમે એક પણ ફોન ન કર્યો આવા લેખાં જોખાં ક્ષુલ્લક છે.

### સુવિચાર


- વિદ્વાન દરિદ્ર હોય તે નિઃસંદેહ ખરાબ છે,
  પરંતુ મૂર્ખના અધિકારમાં સંપત્તિ હોવી એ તો અધિક ખરાબ છે - **અમૃતબિંદુ**
- માનવજાતિનની જીવતી જાગતી બે આંખ છે : એક ને 'અંક' કહે ઓછે અને
  બીજીને 'અક્ષર' - **એસ. ભટ્ટાચાર્ય**
- જે મુક્તિના માર્ગને જાણે છે અને સમગ્ર મોહને જીતવાનો પ્રયત્ન કરે છે,
  તેનાથી ભવિષ્યમાં આવનારાં સર્વ દુઃખો દૂર રહે છે - **મુક્તિ સૂત્ર**
- કામના એક એવું બીજ છે, જે પ્રત્યેક આત્માને નિરંતર જન્મ-મરણનો ચકરાવો પ્રદાન કરે છે - **ઓશો**
- કષ્ટ આવી પડવાથી પોતાને કેવું દુઃખ વેઠવું પડ્યું છે એવો જે ખ્યાલ રાખે છે તે
  અન્યને દુઃખ દેવા માટે કેવી રીતે તૈયાર થાય ? - **મનુસ્મૃતિ**
- તપસ્યા તેજસ્વી લોકો માટે જ છે, અન્ય લોકોનું તપ કરવું નિરર્થક છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : ગળો સત્વ અને સિતોપલાદિ ચૂર્ણ મધ સાથે લેવાથી પિતૃવૃદ્ધિના તમામ રોગ દૂર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

વ્યક્તિને સોંપાયેલું કામ તે કેવી નિષ્ઠાથી કરે છે તે પણ અગત્યની બાબત છે. એક વાર રતન ટાટા હેલિકોપ્ટરમાં પ્રવાસ કરી રહ્યા હતા. અને હેલિકોપ્ટરમાં કંઈક યાંત્રિક ખામી સર્જાઈ. એ વખતે હેલિકોપ્ટરે ફરજિયાત અજાણી જગ્યાએ ઉતરાણ કરવું પડ્યું. એવા આકસ્મિક સંજોગોમાં નજીકમાં તાતા સ્ટીલની ફેકટરી પર તેમણે ગાડીમાં લઈ જવામાં આવ્યા. ગેટ પર ઊભેલા વોચમેન તેમને ફેકટરીમાં અંદર જતા રોક્યા. રતન ટાટા સાથે એમના એક સિનિયર મેનેજરે ગુસ્સામાં વોચમેનને કહ્યું, 'અરે, તું કોની પાસે ગેટ પાસ માંગે છે ? આ ટાટા સ્ટીલ કંપનીના ખુદ માલિક રતન ટાટા છે.' વોચમેને કહ્યું, 'આ સાહેબ કંપનીના માલિક હોય તો તેમને ગેટ પાસ લાવવામાં કશી તકલીફ નહીં પડે. તેમને કહો કે પોતાનો ગેટ પાસ લઈ આવે.' આ સમાચાર ફેકટરીમાં પહોંચ્યા અને ત્યાંના સિનિયર અધિકારીઓ દોડતા ગેટ પર આવ્યા અને વોચમેનને ઠપકો આપ્યો. અને રતન ટાટાને માનરબેર અંદર લઈ ગયા. થોડા સમય પછી વોચમેનને ઓફિસમાં મળવા જવાનું ફરમાન આવ્યું. વોચમેનને લાગ્યું કે મોટા સાહેબને પ્રવેશ ન આપવાનો કારણે કોઈ સજા જરૂર મળશે. પરંતુ ઓફિસમાં જતા તાળીઓથી તેનું સ્વાગત કરાયું. રતન તાતાએ વોચમેન સાથે હાથ મિલાવી તેનું અભિવાદન કર્યું અને કહ્યું, 'તમારી ફરજ નિષ્ઠાથી હું ખુબ ખુશ છું. તમે જે ગેટ પર છો ત્યાં તમે તમારી માલિકીનો ગેટ સમજીનો ડ્યુટી કરે છે. આથી તમે નિષ્ઠાપૂર્વક તમારી ફરજ બજાવી છે. તેના માટે તમને સમગ્ર ફેકટરીના સિકયોરિટી હેડ બનાવવાના હુકમ હું કરું છે.'

# દીપાવલી પર્વોમાં નવી ઉર્જાનો ઉજાસ



પ્રજાજીવનમાં ઉત્સવપર્વોનો અનેરો મહિમા હોય છે. ભારત તો એની પ્રાચીન સાંસ્કૃતિક પરંપરાઓને કારણે દુનિયાના અન્ય કોઈ પણ દેશ કરતાં વધુ ઉત્સવ પર્વો ધરાવતો દેશ છે. ઉત્સવોની મહારાણી દિવાળી આવે છે ત્યારે એકલી નથી આવતી. એની સાથે સરખી સાહેલીઓની ટોળી જોડાયેલી હોય છે. વાઘબારશ તરીકે ઓળખાતું પર્વ હકીકતમાં તો સરસ્વતીસૂતક તહેવાર છે. સંસ્કૃતમાં 'વાગ્ દ્વાદશી' - વાક્ એટલે વાણી અને વાણી તો સરસ્વતીનું જ બીજું નામ. આપણે સમજ્યા વિના નાના ગણપતિના 'ગ' ને ઘરના 'ઘ'માં ફેરવી વાઘ સાથે જોડી દઈ હકીકતમાં તો દુર્ગાનો, માતા અંબિકાનો જ મહિમા કર્યો છે! ચાલો એમાં ખોટું પણ શું છે ? દેવીઓની દેવી દુર્ગા - અંબા જ આખરે તો વિવિધ સ્વરુપે વ્યક્ત થાય છે - એનું જ એક શક્તિ સ્વરુપ તે સરસ્વતી. પરંતુ વાઘ બારસ સ્વાભાવિક રીતે જ સર્જકો માટેનું સાધના પર્વ ગણાવું જોઈએ, એટલું જ કહેવું હતું એટલે આ પિષ્ટપેષણ! એવો જ ફેરફાર પ્રજાજનોએ પોતાની બુદ્ધિ મુજબ ધનતેરસ સંદર્ભે પણ કરી દીધો છે. એ ધન્વંતરિ ભગવાનનું પ્રાગટ્ય પર્વ છે. આયુર્વેદના અધિષ્ઠાતા દેવ, જે પૌરાણિક સમુદ્રમંથન વખતે હાથમાં અમૃત કળશ લઈ પ્રગટ થયા હતા. આપણે ધન્વંતરિને વીસરી 'ધન' સાથે નાતો બાંધ્યો અને જે તેરસ એક આયુષ્યપર્વ - આરોગ્યનો ઉત્સવ થવા સરજાયેલ એને લક્ષ્મીજીના હવાલે કરી દીધું. ખરેખર ધનતેરસે તો ગ્રામીણ પશુપાલકો ધણ - પશુસંપદાની પૂજા કરતા હોય છે. ભેંસોનાં શિંગડાં કિરમજી માટીથી રંગે છે. કુંભાર ગધેડાંને રંગરોગાન કરે છે. વળી પાણીની અછત ધરાવતા મારવાડ અને ઉત્તર ગુજરાતની ગ્રામીણ પ્રજા ધનતેરસને વાર્ષિક સ્નાન કાર્યક્રમ તરીકે ઊજવે છે. ભલે વરસ આખું મેલાઘેલા રહ્યા પણ ધનતેરસની સવારે તો બરાબર સાબુ ચોળી ચોળીને માથાબોળ નાહવાનું ! જામી ગયેલા મેલને ગધેડાં સાથે સરખાવી મોસાળમાં વળાવી દેવાની મજાકમશ્કરી વાળી પ્રણાલિકા બહુ જ લોકપ્રિય હતી. નવી પેઢીને તો એ કોઈ હાસ્યલેખકની કલ્પના જ લાગે. કાળી ચૌદશનો વળી નોખો જ મહિમા. કાલરાત્રી એ શિવરાત્રી અને મહારાત્રી (શરદ પૂનમ) જેટલો જ મહિમા ધરાવતી રાત છે. (કૃષ્ણ જન્માષ્ટમીની રાતને પણ મહારાષ્ટ્રી કહેવાઈ છે) કાળી ચૌદશ શનિ અને હનુમાન ઉપરાંત ભૈરવ જેવા દેવો અને યક્ષોની સાધનાનો દિવસ છે. ગાંધીનગર નજીક ડભોડાના હનુમાન કે સાળંગપુર અને ડફનાળાવાળા હનુમાનનાં દર્શન કરવા માનવ મહેરામણ ઊમટી પડે છે. ઘરમાંથી કકળાટ કાઢવા લોકો તળેલાં વડાં જેવી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવે છે, આંખોમાં મેંશ આંજે છે. બીજે દિવસે દિવાળી એટલે તો વર્ષનો અંતિમ દિવસ. સમસ્ત વર્ષનું સરવૈયું, ચોપડા પૂજન, લક્ષ્મીપૂજન, ઝાકઝમાળ. પ્રકાશોત્સવ. ભગવાન રામ લંકાવિજય કરીને અયોધ્યા પરત આવ્યા તે દિવસે આખી અયોધ્યા નગરીને દીપમાળાથી શણગારવામાં આવી હતી. મંગળગાન ગવાયાં હતાં. એની સ્મૃતિ હજારો વર્ષ પછી આજે પણ અકબંધ રહી છે, એનું નામ તે પ્રજાની ઉત્સવ પ્રિયતા. 'ઉત્સવ પ્રિયાઃ ખલુ જનાઃ' - એ ઉક્તિ અમસ્તી થોડી પડી હશે ? દિવાળીની રાત પૂરી થાય છે, ઘરમાંથી 'અળશ' અને 'આળસ' ને ખંખેરીને ઝાંપે મૂકી આવવામાં આવે છે અને ફૂટે છે નવા વર્ષના સૂર્યનું પહેલું કિરણ. નૂતન વર્ષના પ્રારંભની મુબારકબાદી આપવા ઉમળકાભેર બધા આબાલવૃદ્ધ નર-નારી ઊમટી પડે છે. વળી બીજે દિવસે ભાઈબહેનનો મહામૂલો તહેવાર - ભાઈબીજ... દીપોત્સવી પર્વ શૃંખલા છેક લાભપાંચમ સુધી લંબાય છે. એ દિવસથી પુનશ્ચ હરિઓમ્ કરી સૌ નવા ઉમંગ સાથે પોતપોતાની પ્રવૃત્તિ આરંભે છે. જૈનો એને 'જ્ઞાનપંચમી' કહે છે. શ્રુતશાસ્ત્રના પર્વ તરીકે ઊજવે છે. વળી દિવાળી પછી આવતી દેવદિવાળી પણ કેમ ભુલાય !

*તંત્રીસ્થાનેથી...*

# વિક્રમાદિત્યના પ્રથમ પ્રતિભાપુરુષ





### અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ઉજજિયનીમાં પરાક્રમી અને પરદુઃખભજન વિક્રમાદિત્ય (ઈ.પૂ. ૫૬) હતા. એ વિક્રમસંવતના પ્રવર્તક હતા. એની સભામાં નવ પ્રતિભાવાન પુરુષો - નવરત્નો હતા. નવરત્નોની ગણના થાય, તેમાં સર્વપ્રથમ નામ ધન્વનંતરિનું આવે છે.

આસો વદ બારસ ધન્વંતરિ જયંતિનો દિવસ છે. આ દિવસે ભગવાન ધન્વંતરિનું પ્રાગટ્ય થયું હતું.

અમૃતની પ્રાપ્તિ કરવી હતી, આ માટે દેવો અને દાનવોએ સમુદ્ર મંથન કર્યું. એમાંથી ચૌદ રત્નો નિકળ્યા. ચૌદમાં ક્રમે ધન્વંતરિ પ્રગટ્યા. એની ભૂજાઓ દીર્ઘ અને પુષ્ય તી. ગ્રીવા શંખ જેવી હતી. અરુણરંગી નેત્રો હતા. શ્યામલ વર્ણ હતો. સર્વ આભૂષણોથી શોભતા હતા, પીતામ્બર ધારણ કરેલું, કંકણોથી શોભતા કરમાં અમૃતથી ભરેલો કુંભ હતો.

ભગવાન વિષ્ણુએ પ્રસન્નતા વ્યક્ત કરી. એને 'અબ્જસુર્ત' - પાણીમાંથી પ્રગટેલા પુત્ર - તરીકે સંબોધ્યા. આ અમૃતનું પાન કરીને દેવો અમર થયા અને દાનવો પાર વિજય મેળવી શક્યા. આ રીતે એમણે દેવો ઉપર ઉપકાર કર્યો. પોતાનું લક્ષ્ય સિદ્ધ થયું, એટલે હવે એમણે સ્વર્ગમાં પ્રસ્થાન કર્યું. બ્રહ્મા ચતુર્મુખ હતા. એમના પૂર્વદિશાના મુખેથી આયુર્વેદ પ્રગટ્યો હતો. 'આયુ'ના અર્થમાં શરીર-ઈન્દ્રિય-મન અને આત્માનો સમાવેશ થાય છે. આ વેદ અશ્વિનીકુમારો પાસે આવ્યો. ઈન્દ્રે તેમની પાસેથી મેળવીને ધન્વંતરિને આપ્યો.

સૃષ્ટિમાં મનુષ્યો તો ખરા જ, એ ઉપરાંત પશુ પ્રાણીઓ હતા, વૃક્ષ વગેરે હતા. આ સૌના આયુઃની ગંભીર સમસ્યા હતી. આથી ઈન્દ્રએ એમને આ સૌના કલ્યાણ માટે પૃથ્વી ઉપર જવા વિનંતી કરી. ધન્વંતરિ વિષ્ણુના બારમા અવતાર હતા. એમનો આદેશ થયો - 'ગંગા કિનારે કાશીનરેશ દીર્ઘતમા છે. ત્યાં તમારો જન્મ થશે. અણિમા વગેરે આઠ' સિદ્ધિઓ તમને જન્મથી જ પ્રાપ્ત થશે.'

દીર્ઘતપાને ઘરે ધન્વંતરિનો જન્મ થયો. એ દિવોદાસ તરીકે જાણીતા થયા. 'ધન્વંતરિ' નામ બે રીતે સાર્થક થયું. (૧) ધન્વ - દીર્ઘતપાનું ઉપનામ હતું. ધન્વના પુત્ર (૨) ધનુ - ચિકિત્સાશાસ્ત્ર. આમાં પારંગત. તેઓ જીવસૃષ્ટિનાં કલ્યાણ માટે પર્વતો સમુદ્રો બધેથી ઔષધો એકત્રિત કરતા. એમણે અત્રિ અને ભારદ્વાજ પાસેથી વિશેષ જ્ઞાન મેળવ્યું. એમની 'ધન્વંતરિ સંહિતા' હતી. આયુર્વેદનો આ આધારગ્રંથ હતો. એમનો 'ધન્વંતરિ નિઘંટુ' ગ્રંથ છે. તેમાં આયુર્વેદનો શબ્દાર્થકોશ હતો.

એમના શિષ્યોમાં મુખ્ય સુશ્રુત હતા. સુશ્રુત એમને પ્રશ્ન કરતા જાય, અને ધન્વંતરિ એનું સમાધાન કરતા જાય. એ રીતે 'સુશ્રુતસંહિતા' ગ્રંથ તૈયાર થયો. વર્તમાન સ્વરુપમાં ગ્રંથ ઉપલબ્ધ છે. એમાં ૧૨૦ અધ્યાય છે. નાગાર્જુન (ઈ.સ.બીજી સદી) એ આની આવૃત્તિ તૈયાર કરી છે.

આ રીતે આ પૃથ્વી ઉપર માત્ર મનુષ્ય જ નહીં, પશુ, પ્રાણીઓ અને વૃક્ષ વગેરેના કલ્યાણ માટે ધન્વંતરિએ કાશીરાજ દિવોદાસ રુપે જન્મ લીધો. એનો મુખ્ય સિદ્ધાંત છે - 'ધર્મનું મહત્વ ખરું, પરંતુ એનું પાલન નિરોગી શરીર હશે; તો થશે. ધર્મપ્રાપ્તિનું પહેલું સાધન પોતાનું શરીર છે.'

ત્યારપછી જે કોઈ ચિકિત્સાશાસ્ત્રમાં પ્રારંગત હોય,એ 'ધન્વંતરિ'ના બિરુદથી ઓળખાય. વિક્રમાદિત્યના નવરત્નોની ગણતરી થાય છે, એમાં જે ધન્વંતરિ છે; એ આ પ્રકારના પારંગત છે.

આસો વદ બારસે સૌ કોઈના આરોગ્ય અને કલ્યાણ માટે જેમને જન્મ ધારણ કર્યો; એમને શ્રદ્ધાપૂર્વકનાં પ્રણામ.

# પૃથ્વીના કેટલા વિસ્તારમાં રણ પ્રદેશ આવેલો છે?



### ખજાનો

અનિલ પટેલ

## પર્યાવરણ

૧ સંયુક્ત રાષ્ટ્રનો પર્યાવરણ કાર્યક્રમ યુએનઈપી કયા વર્ષથી શરૂ થયો ?
(અ) ૧૯૬૨ (બ) ૧૯૭૦
(ક) ૧૯૭૨ (ડ) ૧૯૭૫

૨ ગોવિંદ વલ્લભપંત હિમાલયી પર્યાવરણ અને વિકાસ સંસ્થા કયાં આવેલી છે ?
(અ) અમલોડા (બ) શિમલા
(ક) હરિદ્વાર (ડ) ચંદીગઢ

૩ વિશ્વ પૃથ્વી દિવસ કયારે મનાવવામાં આવે છે ?
(અ) ૨૮ ફેબ્રુઆરી (બ) ૨૩ માર્ચ
(ક) ૧૪ એપ્રિલ (ડ) ૨૨ એપ્રિલ

૪ ભારતના કયા સમ્રાટે પર્યાવરણ સુરક્ષાને મહત્ત્વ આપ્યું હતું ?
(અ) સમ્રાટ હર્ષવર્ધન (બ) સમ્રાટ અશોક
(ક) સમ્રાટ પુલકેશ (ડ) ચંદ્રગુપ્ત મૌર્ય

૫ સુંદરલાલ બહુગુણા કયા આંદોલનના પ્રણેતા હતા ?
(અ) એપ્પિકો આંદોલન (બ) જળક્રાંતિ અભિયાન
(ક) ચિપકો આંદોલન (ડ) હરિક્રાંતિ અભિયાન

૬ પૃથ્વીના કેટલા વિસ્તારમાં રણ પ્રદેશ આવેલો છે ?
(અ) ૯ ટકા (બ) ૧૧ ટકા
(ક) ૧૫ ટકા (ડ) ૧૭ ટકા

૭ જિમ કાર્બેટ કોણ હતો ?
(અ) ભૂસ્તરશાસ્ત્રી (બ) શિકારી
(ક) પર્યાવરણવિદ (ડ) ખગોળશાસ્ત્રી

૮ વિશ્વમાં વધી રહેલી ગરમીને વધારવામાં કાર્બન ડાયોકસાઈડનો હિસ્સો કેટલા ટકા છે ?
(અ) ૩૦ ટકા (બ) ૪૫ ટકા
(ક) ૫૫ ટકા (ડ) ૬૫ ટકા

૯ ભારતમાં પ્રોજેક્ટર ટાઈગર યોજના કયારે શરૂ કરવામાં આવી ?
(અ) ઈ.સ. ૧૯૭૩ (બ) ઈ.સ. ૧૯૭૫
(ક) ઈ.સ. ૧૯૮૦ (ડ) ઈ.સ. ૧૯૮૫

૧૦ કેવલાદેવ રાષ્ટ્રીય ઉદ્યાન શા માટે જાણીતું છે ?
(અ) ટાઈગર ઉદ્યાન (બ) પક્ષી પ્રજનન ક્ષેત્ર માટે
(ક) કાળિયાર ઉદ્યાન (ડ) ગેંડા ઉદ્યાન

૧૧ દુનિયામાં સૌ પ્રથમ કાર્બન ટેક્સ લાદનાર દેશ કયો છે ?
(અ) ઈંગ્લેન્ડ (બ) સ્કોટલેન્ડ
(ક) હોલેન્ડ (ડ) ફિનલેન્ડ

૧૨ ભારતમાં હાલ કેટલા ટાઈગર્સ રિઝર્વે ક્ષેત્રો આવેલ છે ?
(અ) આઠ (બ) બાર
(ક) સત્તર (ડ) એકવીસ

૧૩ સૌર સંચાલિત સાધનો જયાંથી મળે તે દુકાનને શું વિશિષ્ટ નામ અપાયું છે ?
(અ) આદિત્ય શોપ (બ) ભાસ્કરા શોપ
(ક) સૂર્યનારાયણ શોપ (ડ) સૂર્યકિરણ શોપ

૧૪ સુનામી શબ્દ કઈ ભાષાનો છે ?
(અ) કોરિયન (બ) જાપાની
(ક) ચીની (ડ) તિબેટિયન

૧૫ ડરબન જલવાયુ પરિવર્તન સમિટ કયારે યોજાઈ હતી ?
(અ) ૨૦૦૧ (બ) ૨૦૦૫
(ક) ૨૦૦૮ (ડ) ૨૦૧૧

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૩ ઓકટોબર :**
  - ટેલિકોમ ક્ષેત્રના ઉદ્યોગપતિ સુનિલ ભારતી મિત્તલનો જન્મદિવસ (૧૯૫૭)
  - સાક્ષરયુગના લેખક-વિવેચક બળવંતરાય ક. ઠાકોરનો જન્મદિવસ (૧૮૬૯)
  - વિશ્વમાં પ્રથમ વખત ઈટાલી અને તુર્કીસ્તાન વચ્ચેના યુદ્ધમાં વિમાનોનો ઉપયોગ થયો. (૧૯૧૧)
  - કેળવણીકાર સંસ્કાર પુરુષ યશવંત શુક્લની પુણ્યતિથિ (૧૯૯૯)
- **૨૪ ઓકટોબર : સંયુક્ત રાષ્ટ્રદિવસ**
  - આયર્લેન્ડની સ્વાતંત્ર્ય - લડતના પુરસ્કર્તા એમન - દ - વલેરાની જન્મજયંતિ (૧૮૮૨)
  - 'ભગવદ્ગોમંડલ' શબ્દકોષ તૈયાર કરનાર ગોંડલના રાજવી ભગતતસિંહજીનો જન્મદિવસ (૧૮૬૫)
  - પ્રોમયેશ ચંદ્ર (પી.સી.) બહુઆનીની જન્મજયંતિ (૧૯૦૩)
- **૨૫ ઓકટોબર :**
  - શાયર અને ગીતકાર સાહિર લુધીયાન્વીનું નિધન (૧૯૮૦)
  - વિશ્વ વિખ્યાત ચિત્રકાર પિકાસોનો જન્મદિવસ (૧૮૮૨)
  - સ્વામી દયાનંદ સરસ્વતી નિર્વાણદિન (૧૮૮૩)
  - ભારતીય વૈદિકશાસ્ત્રના તજજ્ઞ ડૉ. ગણનાથ સેનનું નિધન (૧૯૪૪)
- **૨૬ ઓકટોબર :**
  - જીનીવામાં વિશ્વવ્યાપી રેડક્રોસનું આયોજન (૧૮૬૩)
  - કૉલેરાની રસી શોધનાર વાલ્ડમેર હાફકીનનું નિધન (૧૯૩૦)
  - કાશ્મીરના મહારાજા ભારત સાથે જોડાવા માટે રાજી થયા (૧૯૪૭)
  - વિસ્ટન ચર્ચિલ બીજી વખત બ્રિટનના વડાપ્રધાન બન્યા (૧૯૫૧)
- **૨૭ ઓકટોબર :**
  - પૂર્વ ક્રિકેટર વિજય મરચન્ટનું નિધન (૧૯૮૭)
  - પૂર્વ રાષ્ટ્રપતિ કે. આર. નારાયણનો જન્મદિવસ (૧૯૨૦)
  - નાશાએ મિશન સેટર્ન એપોલો-૧ અંતર્ગત પ્રથમ સેટર્ન - ૧ રૉકેટ છોડ્યું (૧૯૬૧)
  - મુનિ પુણ્યવિજયીની જન્મજયંતિ (૧૮૯૫)
- **૨૮ ઓકટોબર :**
  - યુરોપના મિસ માર્ગારેટ નોબેલ ઉર્ફે ભગીની નિવેદિતા સ્વામી વિવેકાનંદના શિષ્યાનો જન્મદિવસ (૧૮૬૭)
  - ઈઝરાયેલે ભારતનો રાષ્ટ્રધઅવજ અપનાવ્યો (૧૯૪૮)
  - વિજ્ઞાન કથાઓના લેખક કિશોર અંધારિયાનો જન્મદિવસ (૧૯૬૧)
- **૨૯ ઓકટોબર :**
  - બ્રિટીશ કવિ જહોન કિટલનો જન્મદિવસ (૧૭૯૫)
  - દિલ્હીમાં જામિયા, મિલિયા, ઈસ્લામિયા યુનિવર્સિટીની સ્થાપના (૧૯૨૦)
  - દિલ્હીમાં ત્રણ અલગ અલગ સ્થળોએ આતંકવાદીઓએ બોમ્બ ધડાકા કર્યા જેમાં ૬૨નાં મોત, ૨૧૦ ઘાયલ થયા (૨૦૦૫)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સરદાર સરોવર ડેમનો શિલાન્યાસ કયારે અને કોના હસ્તે કરવામાં આવ્યો હતો? જવાબ : પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના હસ્તે**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) મયંક પ્રજાપતિ : સે-૨૪ (૬) મિત્ત. વી. પેટલ : સે-૨૩ (૭) ઋચિત એ પટેલ : ગાયત્રી રેસીડેન્સી, રાંદેસણ (૮) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૯) જયેન્દ્રપ્રસાદ પાઠક : ૬૨૦/૧, સે-૬બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે દરિયાની નીચે બનાવવામાં આવેલ ટનલનું નામ શું ? તેની લંબાઈ કેટલા કિ.મી. છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# દિવાળી પ્રસંગે સૌનાં અલગ ગીતો :

**ભાજપા ગાશે : 'સોચા થા કયા, કયા સે કયા હો ગયા...'**
**કોંગ્રેસ કહેશે : 'કોઈ હરદમ ના રહા.. કોઈ સહારા ના રહા...'**
**વેપારીઓ-પ્રજા ગાશે : 'એક વો ભી દિવાલી થી એક યહ ભી દિવાળી હૈ !!'**



### હળવે હૈયે

પ્રકાશ લાલા

'જેમ એન્યુઅલ એકઝામની તારીખો જાહેર થતાં જ, વિદ્યાર્થીઓ ટેન્શનમાં આવી જઈ, બીજી બધી પ્રવૃત્તિઓ છોડી, પરીક્ષાર્થી બની પરીક્ષાની તૈયારીમાં મચી પડે છે.'

જેમ વિધાનસભાનું સત્ર આવતાં જ મંત્રીશ્રીઓ, અધિકારીઓ, કર્મચારીઓ બીજાં બધાં કામો-બીજી ફાઈલો સાઈડમાં ધકેલી દઈ, વિધાનસભામાં પૂછનારા તારાંક્તિ અતારાંકિત પ્રશ્નો, પૂરક પ્રશ્નો જવાબો તૈયાર કરવા - કરાવવામાં ને પૂરક માહિતીઓ એકત્રિત કરવામાં વ્યસ્ત થઈ જતા હોય છે...

બસ એવા જ હાલ દિવાળીનો તહેવાર આવતાં ગૃહિણીઓના થાય છે. બારે મહિના ઘર ચોખ્ખું રાખતી બહેનો ય ઘરની સાફસૂફી, ગૃહ સુશોભન, દિવાળી નિમિત્તેની ખરીદી, દિવાળીનું નવું નવું ખાવાનું બનાવવામાં (કહેવાય 'નવું' બાકી તો વર્ષોથી બનતાં આવેલા મઠિયાં, સુંવાળી, સેવ-ગાંઠિયા, ચેવડો, ઘૂઘરા, મગજ, કોપરાપાક વગેરે વ્યંજનો જ હોય છે ને ? વેરાઈટીઝ તો 'રેડીમેઈડ' લઈ આવવાની) લાગી પડે છે - લાગી જવું પડે છે.

ઘરમાં દીકરી, નલાંદ, દેરાણી - જેઠાણી હોય તો પરસ્પર દિવાળીના કામમાં ટેકો મળી રહે, અન્યથા 'એકલો જાને રે... એકલો ગાને રે...' જ થાય. વળી, સાસુમાં મદદ કરે તેવાં સ્વભાવને સ્વાસ્થ્યનાં હોય તો ગૃહિણીનું નસીબ... બાકી એ વાંકા વળે નહીં ને પાછાં બેઠાં બેઠાં સૂચનો - ટકોર કરતાં રહે તો એવી બહેનોને કામનો ભાર સાથે આ એકસ્ટ્રા તકલીફ વેઠ્યા વિના છૂટકો નથી થતો !!

દિવાળીના કામમાં બહેનો દ્વારા ભાઈઓનો એટલે કે તેમના હસબન્ડોનો ય વારો પડી જતો હોય છે...' આ આટલું કરવામાં જરાય મદદ કરોને..' કહી બહેનો એમના જીવનસાથીને 'સફાઈના સાથી' બનાવતી હોય છે... જો કે ઘણા 'હોંશિયાર' પતિદેવો (હોંશિયાર એલે આવાં કામોમાંથી ચાલાકીપૂર્વક દૂર રહેવાનું ગોઠવી શકતા સ્તો) એકાદ-બે ચીજ તોડીફોડી નાંખીને કે વસ્તુ આડીઅવળી ગોઠવી દઈને શ્રીમતીજી દ્વારા 'રહેવા દો ભઈ સાબ, તમને કશું નથી આવડતું... ઉલ્ટાનું મારું કામ વધારો છ... આઘા ખસો...' નું નેગેટિવ સર્ટિફીકેટ મેળવીને ય છટકી જતા હોય છે... ભાઈ, એ તો જેવી જેની દાનત ને જેવી જેની આવડત, ખરુંને ?

દિવાળી પ્રસંગે કેટલાક ભાઈ બહેનોને (એટલે યાર કેટલાક 'હસબન્ડ' એમની 'વાઈફ' ને એમ સમજવું) ફરમાઈશ પર કે વગર ફરમાઈશે સરસ સાડી કે પુષ્યનક્ષત્રમાં એકાદું ઘરેણું હોંશે હોંશે (ગજવું ગરમ હોય તો જ આવી હોંશ થાય ને) લઈ આપે તો બહેન તો ખુશી ખુશી ગાશે કે : 'સાંવરિયો રે મારો સાંવરિયો... હું તો ખોબો માંગુ ને દઈ દે દરિયો...' પણ જે ભાઈ પત્નીની આવી માંગણી પર છાસિયુ કરે - મોં કટાણું કહી માંગ ફગાવી દે તો પેલી કહેશો : 'મૈં, કયા રામ મુજે બુઢ્ઢા મિલ ગયા!!'

ગઈ કાલે સવારે લાલાકાકા રાખેતા મુજબ અમારે ત્યાં આવ્યા.... હિંચકે ગોઠવાઈ જઈ, અમારાં શ્રીમતીજીએ આપેલ આને ન્યાય આપતાં પૂછ્યું : 'દિવાળી આવી ગઈ ?'

'હા, કાકા... લાવી જ પડે ને!' અમારા શ્રીમતીજીએ ઉત્તર આવ્યો...

પછી અંકલે હળવેથી ઈન્કવાયરી આદરી : 'આ વખતે શું શું બનાવ્યું છે તમે ?'

'કેમ ?' અમે કાકાને સામો પ્રશ્ન કર્યો...

'એમાં એવું છે તે પનુભાઈ, કે તમારે ત્યાં દિવાળીમાં જે બન્યું હશે એ તો હું તમારે ત્યાં 'સાલમુબારક' કરવા આવીશ ત્યારે ખાવા મળશે જ..., ખરું કે નહીં?'

'હા...તો ?'

'તો એમ કે મારા ઘરે એ સિવાયની આઈટમો બનાવવાનું તમારી કાકીને કહું ને !'

'તો તો અંકલ, તમારે ત્યાં કોઈ આઈટેમ તમે નહીં જ બનાવડાવો.' અમે બોલ્યા.

'કેમ?'

'કેમ કે તમે આડોશપાડોશમાં બધે નવાં વર્ષે મળવા જશો ત્યારે એ બીજાં બધાંએ બનાવેલી વાનગીઓ તમને ખાવા મળી જ જશે... પછી તમારે ત્યાં શું કામ કોઈ બજાવવી પડે, રાઈટ ?'

'હેં ? હા... ના, ના...' અમારા અણધાર્યા ધડાકાથી રેડઅંકલ થોડા બધવાઈ ગયા...

એમને ચૂપ જોઈ અમે વાતને વાળવા પ્રશ્ન કર્યો : 'તો અંકલ, અમે નવા વર્ષનું પગે લાગવા તમારે ત્યાં આવીશું તો તમે શું ખવડાવશો ?'

'હું ને.....હા, પાચન ગોળી... 'હવાબાણ હરડે..'

'શું ?'

'હા... યાર, દિવાળીમાં જાત જાતનું ને ભાત ભાતનું ખાઈને તમારું પેટ બગડે નહીં, પાચનક્રિયામાં મદદરુપ થાય તે માટે હું બધાંને સરસ પાચનચૂર્ણની ગોળીઓ ખવડાવીશ !!'

'હેં ?'

'અરે ગમ્મત, પનુભાઈ ગમ્મત... પણ તમને ખબર છે કે આ દિવાળીએ કોંગ્રેસવાળા કયું ગીત ગાશે ?'

'કયું ?'

'કોંગ્રેસ ગાશે : કોઈ હમદમ ના રહા, કોઈ સહારા ના રહા.... હમ કિસી કે ના રહે... કોઈ હમારા ના રહા...'

'હા, હોં... ઈલેકશનમાં હારનો મારા ખાધા પછી આ જ ગીત સૂઝે...'

અનુસંધાન પાના નં ૭ પર